# ચૈત્રી નવરાત્રીની હોમ હવન અને નૈવેધ સાથે ભાવસભર પૂર્ણાહુતી

## રાજ્યભરના મંદિરોમાં ઉજવાયેલી ચૈત્રી નવરાત્રી, દેવીભક્તોએ કરેલા અનુષ્ઠાન



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા.૭

ચૈત્ર સુદ એકમથી શરૂ થયેલી મા જગદંબાની ચૈત્રી નવરાત્રીની આજે પૂર્ણાહુતિ થશે. વિવિધ દૈવી મંદિરોમાં આઠમના હવન થયા હતા જયારે આજે નોમના માતાજીને નૈવેધ ધરાવાશે. અનુષ્ઠાન અને સાધનાની આ પવિત્ર નવરાત્રીમાં માતાજીની અસીમ કૃપા મેળવવા અનેક માઈભકતો ભકિતમાં ગળાડુબ બન્યા હતા. જેમાં મણીયારી ગામે આઠમનો હવન રંગેચંગે થયો હતો અને માતાજીએ નગરચર્યા પણ ફરી હતી.

ચૈત્રી નવરાત્રીના આગમનથી જ વાતાવરણમાં તેજ સાથે ભકિત ભળી ગઈ હતી. નવ દિવસ માતાજીના નવ સ્વરૂપોને પૂજન અર્ચન આરતી અને મંત્રોચ્ચાર થકી પ્રસન્ન કરી ભકતોએ આ પવિત્ર દિવસોમાં પૂણ્ય મેળવવા અથાક પ્રયાસો કર્યા છે. ચૈત્રી નવરાત્રીના આઠમના દિવસે વિવિધ મંદિરોમાં આઠમના હવન થયા હતા અને બીજા દિવસે માતાજીને નૈવેધ ધરાવી પ્રસાદ ગ્રહણ કરી સ્વસ્થ રહેવા માતાજીને વિનવ્યા હતા.

ચાણસ્મા તાલુકાના મણીયારી ગામે મહેતા, ભટ્ટ અને દેરાસરીના કુળદેવી બ્રહ્માણીનો વર્ષોથી પાટોત્સવ અને ચૈત્રી નવરાત્રી થાય છે. માતાજીના જવારાનું નિયમિત પૂજન, માતાજીની આરતી વગેરે થાય છે. જેમાં જામનગર, ભાવનગર, હળવદ, રાજકોટ તથા સૌરાષ્ટ્રમાંથી અનેક બ્રાહ્મણો કુળદેવીના દર્શને આવે છે. અહીં માતાજીનો આઠમનો હવન થાય છે અને ગામમાં માતાજીની શોભાયાત્રા નીકળે છે અને નોમના નૈવેધ ધરાવાય છે. નાનકડા મણીયારી ગામમાં કરોડોના ખર્ચે માતાજીનું મંદિર નવનિર્માણ થઈ રહ્યું છે જેથી ગામમાં તથા બ્રાહ્મણોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ચૈત્રી નવરાત્રીમાં અનુષ્ઠાન, આરાધના અને સાધનાના ત્રિવેણી સંગમ થકી માતાજીની અપારકૃપા મેળવવા માઈભકતોએ કસર છોડી નથી ત્યારે ચૈત્રી નવરાત્રીના આ અમુલ્ય અવસરનો લાભ લેવા સૌ કોઈ મેળવી ધન્ય બન્યું છે.

# ...ને પોલીસ દારૂ પકડવા દોડી

## વિદેશી દારૂ સમજીને બે જિલ્લાની પોલીસ જે કન્ટેનર પાછળ ૩૨ કિમી દોડી તેમાંથી સૉસની બોટલો મળી...! : ખાનગી ડ્રેસમાં પ્રાંતિજથી પાછળ પડેલી પોલીસને ડ્રાઈવરે લૂંટારું સમજીને કન્ટેનર તેજ ભગાવી હતી : પ્રાંતિજ, ચિલોડા, ડભોડા તમામ પોલીસ દોડતી થઈ ગઈ હતી

ગાંધીનગર, તા.૭

'ખોદયો ડુંગર, નિકળ્યો ઊંદર' જેવી સ્થિતિ ગઈ કાલે પોલીસ સાથે સર્જાઈ હતી. હિંમતનગરના પ્રાંતિજ અને ગાંધીનગરની ચિલોડા તથા ડભોડાની પોલીસ દારૂનો જથ્થો સમજીને જે કન્ટેનર પાછળ ૩૨ કિમી પડી હતી તેને મહામહેનતથી પકડીને ચેક કર્યુ તો અંદરથી દારૂની બોટલોને બદલે ટોમેટો કેચ એપ સૉસની બોટલો મળી આવી હતી. કન્ટેનરનો ડ્રાઈવર પ્રાંતિજથી ખાનગી વેશમાં પાછળ પડેલ પોલીસને લુંટારું સમજી બેઠો હતો એટલે તે વધુ સ્પીડમાં તેનાથી બચવા કન્ટેનર ભગાવી રહ્યો હતો. ચુંટણી ટાણે તો આવા ગતકડા પણ પોલીસને ધ્રુજારી છુટાડવા લાગ્યા છે...!



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

હિંમતનગરથી ગાંધીનગર ચિલોડા હાઈવે પર હરિયાણા પાસીંગનું મોટું કન્ટેનર વિદેશી દારૂના જથ્થા સાથે જઈ રહ્યું હોવાની બાતમીને આધારે ગઈ રાત્રે પ્રાંતિજ પોલીસે ખાનગી ડ્રેસમાં તેનો પીછો શરૂ કર્યો હતો. ડ્રાઈવરે પીછો કરતી ટીમને જોઈને કન્ટેનર બેફામ ગતિએ ભગાડી મુકયું હતું. કન્ટેનર ભગાડતા પોલીસને શંકા વધુ પ્રબળ બની અને ચિલોડા તથા ડભોડા પોલીસને પણ હાઈવે પર આ કન્ટેનરને ઉભી રખાવવા પ્રાંતિજ પોલીસે મેસેજ કરી દીધો હતો. ચિલોડા સર્કલ નજીક કન્ટેનર ઉભું કરી દઈ ડ્રાઈવર ભાગી ગયો હતો. પોલીસે ૩૨ કિમી જે કન્ટેનરનો પીછો કર્યો તે અંતે પકડાઈ ગઈ...! કન્ટેનરમાં ચેકીંગ કર્યુ તો કેચ અપ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણી-ગટર વેરાના બાકીદારોને નોટીસ ફટકારાશે

## વસુલાત ઝુંબેશની નબળી કામગીરી તંત્ર માટે શિરદર્દ

ગાંધીનગર, તા. ૭

શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત ઝુંબેશના અંતે માંડ ૪૦ ટકા રીકવરી થઈ છે. વસુલાતક્ષેત્રે નબળી કામગીરી બાદ હાલ પણ વેરો વસુલવાની કાર્યવાહી ચાલી રહી છે. બીજી તરફ તંત્ર દ્વારા બાકીદારોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં બાકીદારોને નોટીસ આપવામાં આવશે.

શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા ગત મહીના દરમિયાન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જૂના અને નવા સેકટરો ઉપરાંત શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાંથી પેટો વસુલવા તંત્ર કક્ષાએથી વિવિધ ચાર કેન્દ્રો શરૂ કરાયા હતા. અંદાજિત ૨.૨૫ કરોડના માંગણા સામે વસુલાતનો આંકડો માંડ રૂ. ૧ કરોડ સુધી પહોંચ્યો

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરમાં સેકટર-૨૩ અને સેકટર-૧૧માં વાઈફાઈ ટાવર ઉભા કરાયા છે. જેમાં 4G હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટીવીટી મળી રહે તેવી ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. ગાંધીનગરના શહેરીજનોને ટુંક સમયમાં આ વાઈફાઈ ટાવરનો લાભ મળતો થઈ જશે. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# કોબા પ્રેક્ષા ભારતી પાસેથી બમ્પ તાત્કાલિક દૂર કરાયા

## બમ્પના લીધે રોજબરોજ અકસ્માત થતા માર્ગ સલામતી જોખવાઈ હતી

ગાંધીનગર, તા.૭

કોબા માર્ગ પર પ્રેક્ષા ભારતી નજીક બમ્પના લીધે અકસ્માતો સર્જાતા હોવાનું ધ્યાને આવતા માર્ગની બંને બાજુએથી આખરે બમ્પ દુર કરી દેવાયા છે. સપ્તાહ પૂર્વે જ વી.વી.આઈ.પી.ની અવર જવરને ધ્યાને લઈ આ ઠેકાણે બમ્પ બનાવવામાં આવ્યા હતા.

શહેરમાં ગત મહિના દરમિયાન સેકટરોના એપ્રોચ માર્ગ પાસે વિશિષ્ટ પ્રકારના બમ્પ બનાવવામાં આવ્યા છે. મેનરોડને અનુલક્ષી એપ્રોચ રસ્તાઓ પર નવા બમ્પ બનાવાતા સેકટરોની અંદરથી આવતા વાહનોની ગત નિયંત્રિત કરવાની સાથે આમ નાગરિકો માટે માર્ગ સલામતિનીદષ્ટિએ પણ સમસ્યા ઉદભવી છે. કેટલાક ઠેકાણે આ બમ્પમાંથી ખીલ્લા નીકળી આવ્યા છે.જેના પરિણામે વાહનચાલકોમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. આ દરમિયાન કોબા માર્ગ ઉપર પણ પ્રેક્ષા ભારતી નજીક થોડા દિવસો પૂર્વે આ પ્રકારના બમ્પ નિર્માણ કરાતા રોજબરોજ અકસ્માતો થતા હોવાનું ધ્યાને આવ્યું હતું. છેલ્લા એક અઠવાડીયામાં જ ૮ થી ૧૦ અકસ્માતોના લીધે વાહનચાલકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જેને લઈ આ બમ્પ તાત્કાલિક અસરથી દૂર કરવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી. વી.વી.આઈ.પી.ની અવર જવરને ધ્યાને લઈ આ બમ્પ બનાવાયા હોવાનું પણ માનવામાં આવી રહ્યું હતું જયારે આ મામલે પ્રબળ રોષ ઉઠતા તંત્ર દ્વારા આ બમ્પ દૂર કરી દેવાયા છે.



આકરી ગરમી - ચૈત્રના મધ્યમાં સૂરજ તપતા જ પરસેવે રેબઝેબ થવાય છે... ભરબપોરે ગાંધીનગર શહેરના માર્ગો પણ સૂમસામ બને છે... જોકે અનિવાર્ય સંજોગોમાં ગરમીથી રક્ષણ મેળવવા સ્કાફ કે રૂમાલનો સહારો લેવો પડે છે.... (તસવીર : દિપક જાની)

# મોદી પી.એમ. બને એવા સંકલ્પના બળ માટે યુવાને ૧૨ જ્યોર્તિલીંગના દર્શન કર્યા

ગાંધીનગર, તા. ૭

દેશમાં નરેન્દ્ર મોદીના પ્રશંસકોની સંખ્યા વધી રહી છે. ત્યારે 'મોદી લાવો દેશ બચાવો'ના વિશ્વાસ સાથે હરિયાણાના મોદી ભક્ત સુરેશ કાદિયાતે ૧૨ જ્યોર્તિલિંગ સંકલ્પ યાત્રા યોજી બારે બાર જ્યોર્તિલિંગે જઈ મોદી વડાપ્રધાન બને તેવી પ્રાર્થના કરી યાત્રા પૂર્ણ કરી છે.

કોઈના માટે આટલો બધો પ્રેમ અને પ્રશંસા હોવી એ માનવનો સ્વભાવ છે ત્યારે આવાજ પ્રેમભાવી અને સ્વાભાવી મોદી પ્રશંસક હરિયાણાના પાનીપતના સિવાહ ગામે રહેતા સુરેશ કાદિયાતની પણ મોદી ભક્તિ અનોખી છે. આ મોદી ભક્ત સુરેશ કાદિયાતને મોદી દેશના વડાપ્રધાન બને તે માટે ગત ૨૩ માર્ચના રોજ સિવાહ ગામે સ્થિત કૃષ્ણ ગૌશાળા ખાતે ભવ્ય હવન યોજાયો હતો અને બાદમાં ૧૨ જ્યોર્તિલિંગ સંકલ્પ યાત્રાનો શુભારંભ કર્યો હતો. અને હાલ મોદી ભક્ત સુરેશ કાદિયાતે ૧૨ જ્યોર્તિલિંગ જઈ શિવજીના દર્શન કરી દરેક જ્યોર્તિલિંગે રૂ. ૧૧૦૦ દાન પેટે આપી પૂજા અર્ચના કરી હતી અને નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બને તેવી પ્રાર્થના કરી હતી.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૩ ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

ટેન્ડર નોટીસ

ઉપરોક્ત સંસ્થાના ડેરી પ્લાન્ટમાં વાર્ષિક ધોરણે નીચે જણાવેલ કામગીરી માટેનો લેબર કોન્ટ્રાક્ટ આપવાનો હોઈ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૨૧-૪-૨૦૧૪ સુધીમાં કચેરીના સમય દરમિયાન રૂ. ૨૫૦/- (નોન રીફંડેબલ) રોકડા રૂબરૂ ઉપરોક્ત સ્થળે ભરી ટેન્ડર મેળવી લઈ તા. ૨૩-૪-૨૦૧૪ના ૧૬-૦૦ કલાક સુધીમાં રૂબરૂ ૫૦૦૦/- (પાંચ હજાર - રીફન્ડેબલ)નો ડી.ડી. સાથે સીલબંધ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

(૧) મોટર રીવાઈન્ડીંગ
(૨) S.S./M.S./G.I. પાઈપ લાઈન ફેબ્રીકેશન / મોડીફીકેશન/ રીપેરીંગ તેમજ જનરલ ફેબ્રીકેશન

આવેલ ટેન્ડર ભાવ / ઓફર સ્વીકા કે અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટર

# ધો. ૧૨ના વિદ્યાર્થીઓને સાદી માર્કશીટ્સ આપવાનો નિર્ણય તઘલઘી છે : અશ્વિન વ્યાસ

ગાંધીનગર, તા. ૭

ધો. ૧૨ના વિદ્યાર્થીઓને સાદી માર્કશીટ્સ આપવાના બોર્ડના નિર્ણયની આજે કોંગી કાઉન્સીલર શ્રી અશ્વિન વ્યાસે આકરી ટીકા કરી છે.

શ્રી વ્યાસે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓના હિત સાથે ચેડા કરવાનું આ પગલુ સ્હેજપણ વ્યાજબી નથી. તઘલખી નિર્ણયો માટે જાણીતા બોર્ડે વિદ્યાર્થીઓ કે વાલીઓને વિશ્વાસમાં લીધા સિવાય આવો નિર્ણય લીધો છે.

તેમણે જણાવ્યુ છે કે લેમિનેટેડ માર્કશીટ્સ્ટ આપવાને બદલે હવે સાદી માર્કશીટ્સ આપવા પાછળનું કારણ સમજાતુ નથી. તોતીંગ પરીક્ષા ફી લેતુ બોર્ડ હવે વિદ્યાર્થીઓની કારકિર્દી માટે મહત્વની માર્કશીટ્સ માટે આવા તઘલખી નિર્ણયને વળગી રહેશે તો આંદોલનનો માર્ગ લેવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

ઈ. ગર્વનન્સ અને ઈ. એજ્યુકેશનની વાતો કરતી ભાજપ સરકારનું આ પગલું વિદ્યાર્થી અને વાલીઓ સ્હેજ પણ સાંખી લેશે નહિ. તેમણે જણાવ્યુ હતુ કે આ મુદ્દે અનેક વાલીઓએ તેમની સમક્ષ રજુઆત કરી છે. એટલે તેમણે શિક્ષણમંત્રીનું પણ આ મુદ્દે ધ્યાન દોર્યુ છે અને નિર્ણયમાં પુનઃ વિચારણા કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય જાહેર કરવા માંગ કરી છે.




# ફીઝીકસનું પેપર લેન્ધી

## ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૨૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : ૫ એમ.સી.કયુ. ટવીસ્ટ કરીને પૂછાયા એકંદરે પેપર સરળ

ગાંધીનગર, તા.૭

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨માં આજે ભૌતિક વિજ્ઞાનનું પેપર અકંદરે સરળ પુરવાર થયું હતું. પરંતુ લેન્ધી થિયરી અને ટવીસ્ટ કરીનો પૂછાયેલા એમ.સી.કયુ.ના લીધે વિદ્યાર્થીએ ટાઈમ મેનેજમેન્ટ કરવાનું અઘરું બન્યું હતું. જિલ્લામાંથી ૫૬૩૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર ૨ની પરીક્ષા દરમિયાન આજે જિલ્લામાંથી ૫૬૫૭ વિદ્યાર્થીઓએ ફીઝીકસની પરીક્ષા આપી હતી જયારે ૨૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ફીઝીસનું પેપર અકંદરે સરળ અને પાઠયપુસ્તક આધારિત હતું. વિષય નિષ્ણાંત બળવંતસિંહ રાજપૂતના જણાવ્યા મુજબ વિભાગ-એમાં ૫૦ ગુણના એમ.સી.કયુ. પૈકી કેટલાક પુસ્તકમાંથી બેઠા પુછાયા હતા જયારે ૫ પ્રશ્નો ટવીસ્ટ કરીને પુછાતા વિદ્યાર્થીઓને ઉત્તર આપવામાં વિલંબ થયો હતો. વિભાગ-બીમાં થિયરીના પ્રશ્નો પણ લેન્ધી પુરવાર થયા હતા. થિયરીના પ્રશ્નો સરળ હતા પરંતુ લંબાણપૂર્વકના જવાબો આપવામાં પેપર ઈન ટાઈમ પુરું કરવાનું મુશ્કેલ બન્યું હતું. દાખલાઓ આંકડા બદલીને પૂછાયા હતા. જો કે સંપૂર્ણ પ્રશ્નપત્ર પુસ્તક આધારિત હોવાથી પરીક્ષાર્થીઓ માટે પેપર સરળ રહ્યું હતું. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હોવાનું પણ જિલ્લા શિક્ષણ તંત્રએ જણાવ્યું છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૦-૪-૨૦૧૪, ગુરૂવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૨

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

જોઈએ છે શિક્ષક

ગાંધીનગર કેળવણી મંડળ (કોબા) સંચાલિત મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક-હાઈસ્કૂલમાં ધોરણ ૮, ૯ અને ૧૦માં ગણિત, વિજ્ઞાન ભણાવી શકે તેવા B.Sc., B.Ed, M.Sc. B.Ed. ઉમેદવારની જરૂર છે.

સ્વહસ્તાક્ષર અરજી અને પ્રમાણપત્રોની નકલ સાથે રૂબરૂ મળો તા. ૧૧/૪/૨૦૧૪ને શુક્રવારે સવારે ૯-૩૦ કલાકે

મધુરી મનસુખલાલ વસા હાઈસ્કૂલ
મુ. પો. કોબા, પ્રેક્ષા વિશ્વભારતી સામે,
તા.જિ. ગાંધીનગર, ગાંધીનગર-અમદાવાદ હાઈવે

નોંધ : ચાલુ સાલે B.Ed.ની પરીક્ષા આપેલ ઉમેદવાર પણ અરજી કરી શકશે.




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com